सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૧ જુલાઈ ૨૦૦૦ અંક ૧

## વાલીઓને........

તાજેતરમાં શિક્ષણ વિભાગ તરફથી એક પરિપત્ર બહાર પાડીને સરકારશ્રીએ શાળાનાં જે બાળકો રીક્ષામાં આવે છે તે અંગે વાહનવ્યહાર કચેરી સાથે રહીને કેટલાક માર્ગદર્શક સુધારા બહાર પાડ્યા છે. જે મુજબ રીક્ષામાં દફતર મૂકવા માટે કેરીયર લગાવવામાં આવ્યું હોય તેવી રીક્ષામાં ૧૦ બાળકો લઈ જઈ શકાય અને જો કેરીયર લગાવવામાં આવેલ ન હોય પરંતું ઓટોરીક્ષાની પાછળ હુક ઉપર દફતર મુકવામાં આવે અથવા અંદર દફતર મૂકવામાં આવે તો ૯ બાળકો લઈ જવાનું દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અન્ય સૂચનાઓ પણ આપી છે જેમાં મુખ્યત્વે વાહનમાં પીળી ભૂમિકા ઉપર લાલ રંગમાં ' સ્કુલ રીક્ષા ' લખેલું હોવું જોઈએ. આ શબ્દો વાહનોની બન્ને બાજુએ તેમજ પાછળના ભાગમાં પણ આ રીતે લખેલા હોવા જોઈએ. આ પરિપત્ર મુજબ આ રીક્ષાઓનું ચેકીંગ સમયાન્તરે થતું રહેશે તેવું પણ તેમાં જણાવેલ છે.

શહેરની અંદર મોટાં ભાગનાં બાળકો શાળાએ રીક્ષામાં આવતાં જતાં હોઈ આ પ્રકારનાં આદેશો સરકારે બહાર પાડયાં છે. જે મોટી સંખ્યામાં, શાળાનાં છૂટવાનાં સમયે રીક્ષાઓનાં પાર્કીંગનો પ્રશ્ન ઉભો થાય છે તે પણ ઓછો વિકટ નથી. આ સબંધમાં જૂનુ શારદામંદિર તેમજ નવા શારદામંદિરમાં જે બાળકો રીક્ષામાં આવે છેતેની ઘણી મોટી સંખ્યા જોતા હાલ જે વ્યવસ્થા છે તે વધુ વ્યવસ્થિત થઈ શકે તે હેતુંથી કેટલીક સૂચનાઓ વાલીઓને આપવામાં આવેછે.

નવા શારદામંદિરનાં બન્ને દરવાજાની સામે રેલ્વેની રેલીંગ આવેલી છે અને રસ્તો પણ ખૂબ સાંકડો છે મ્યુનિસિપાલિટીની બસો પણ ઘણીવાર સામસામે આવતી હોય છે આબધુ જોતાં સૌ વાલીઓને વિનંતિ કે પોતાનાં વાહનો ખાસ કરીને ,મોટર કે સાઈડકાર વાળા સ્કુટરો રેલીંગની બાજુએ કોઈપણ સંજોગોમાં ઉભા ન રાખે. શાળાની કંમ્પાઉન્ડ વોલને અડીને રસ્તો ઓછામાં ઓછો દબાય તે રીતે રીક્ષાઓમાં આવતાં બાળકો માટે રીક્ષાઓ ઉભી રહેતી હોય છે. બાળક રીક્ષામાં અટવાઈ ન જાય તે માટે આ વ્યવસ્થા જરૂરી છે. આ સંજોગોમાં સૌ વાલીઓને વિનંતિ છે કે શાળાનાં ઝાંપાથી દૂર નિશ્ચિત જગ્યાએ વાહન ઊભા રાખી બાળકોને લઈ જાય.

જૂના શારદામંદિરમાં બન્ને બાજુએ રહેણાંકનાં વિસ્તાર છે અથવા વ્યાપારી સંકુલો છે એટલે તેમને નડતર રૂપ ન થાય તે રીતે રસ્તાની સામેની બાજુએ પોતાના વાહનો ઉભા રાખીને બાળકોને લાવવા અને લઈ જવાનું ગોઠવીએ. શાળાની કંમ્પાઉન્ડવોલને અડીને જેટલી રીક્ષાઓ ઉભી રાખી શકાય તેટલી ઉભી રાખવા માટે અમે સક્રિય પ્રયત્ન કરીએ છીએ. આમ કરવા જતાં વાહન વ્યવહારને ખલેલ ન પડે તે જોવું રહ્યું. કારણ કે નજીકમાંજ રેલ્વે ફાટક હોઈ તે બંધ હોય ત્યારે સમસ્યા ઉભી થાય તેમ બને. આમ છતાં સૌના સહકારની અપેક્ષા સાથે આ પ્રકારની સમસ્યા ઉભી ન થાય તે જોવા અપેક્ષા છે. શાળાનાં પ્રવેશદ્વારની નજીકમાં કે વચ્ચે વાહન થોડા સમય માટે પણ ન જ ઊભું રાખવું તેવું ખાસ સૂચવવામાં આવે છે. સ્ટાફના વાહનોને અંદર આવતાં કે જતાં ખૂબ મુશ્કેલી પડે તેવી રીતે વાલી વાહન મૂકતાં હોય છે તેવો અનુભવ થાય છે. આ બાબતમાં સૌને ખાસ સૂચના આપવામાં આવે છે કે તેઓ આ અંગે સંપૂર્ણ સહકાર આપે.

શહેરોની અંદર જે અનેક સમસ્યાઓ છે તેમાં આ એક ઠીક ઠીક મોટી સમસ્યા છે. જો સૌ આપેલી સૂચનાનો અમલ કરે તો તે હળવી થઈ શકે તેમ હું જરૂર માનું છું. સૌના સહકારની અપેક્ષા સાથે.

ઇન્દુભાઈ દવે

ના વંદન

## 'બાળકોને બાળપણ માણવા દો'

"બેન ! તમારી સ્કુલમાં કોઈ વર્ગો નથી ચાલતાં ? મારે મારી દિકરીને એવા કોઈક વર્ગોમાં મૂકવી છે. "

" એને શાનો શોખ છે.? "

'બેન ! એને તો ચિત્ર,સંગીત,નૃત્ય બધું જ ગમે છે.અને એટલે જ મારે એને વર્ગો ચાલુ કરાવવા છે.'

'એ કેટલા વર્ષની છે. ? '

'સાડા ત્રણ વર્ષની..... આ વર્ષે આપણે ત્યાં બાલમંદિરમાં દાખલ કરી છે.'

અને તે સાંભળી ઘડીભર તો હું ધ્રુજી ઊઠી... સાડા ત્રણ વર્ષની દીકરી .... અને તેને માટે વર્ગો....? હજી તો એ દિકરીને નિજાનંદની મસ્તીમાં મહાલવાનાં દિવસો છે. મુક્તપણે બાળપણને માણવાનાં દિવસો છે. તેને બદલે આ મા તેને માટે વર્ગોનું આયોજન કરી તેની આ મસ્તીને છીનવી લેવા માગે છે! મને થયું...આજની આ માતાઓને થયું છે શું ? એમની મહત્વાકાંક્ષાએ બાળકનાં બાળપણને છીનવી લીધું છે. એવું મને વારંવાર જોવા મળે છે,અને ત્યારે મને આવા બાળકો માટે કરુણા ઉપજે છે.

નાનકડી અંકીતાને મમ્મી દોડાદોડ કરતી સ્કેટીંગમાં લઈ જતી જોઉ છું અને ત્યારે અંકીતાનાં મો ઉપરનાં ભાવ જોઈ મને થાય છે ' એ કેટલી માનસિક તાણ અનુભવતી હશે. ! 'નાનકડાં બાળકને સમયનાં બંધનોમાં કયારેય બંધાય જ નહી. એને મુક્તપણે અને મન થાય તેવી જ પ્રવૃત્તિઓ કરવાની મજા આવે છે. વર્ગ શરૂ કરો એટલે તેને સંગીત કરવાનું મન ન હોય ત્યારે પણ સંગીત કરવા બેસવું પડે,ચિત્ર કરવાનો મૂડ ન હોય ત્યારે ય કાગળ અને રંગ લઈ બેસવું પડે. ઈત્તર પ્રવૃત્તિઓ બાળકમાં રહેલી સર્જનાત્મકશક્તિ ખીલે અને તેના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય તે માટે હોય છે. જેનાથી તે હળવું ફૂલ બની જાય છે.... તેના બદલે આવાં વર્ગોમાં તેને બાંધી દેવાથી, તેને માથે આ સમયનું બંધન લાદવાથી બાળકનું હીત કરવાને બદલે આપણે તેના વિકાસને રૂંધીએ

છીએ.હસતું,રમતું અને કિલ્લોલતું બાળક મુક્તપણે નાચતું કે ગાતું તમે જોયું છે !તમે એકાદો ગરબો ગાવ અને એને તાળી દઈ તાલબંધ્ધ રીતે નાચતું તમે જોયું છે ! એમાં સાહજીકતા અને એનો જે આનંદ તે માણે છે. તેને તમે સૂક્ષ્મ દ્રષ્ટિથી કે રસપૂર્વક નિહાળ્યા છે ખરાં !

બાળક સાત વર્ષનું ન થાય ત્યાં સુધી આવા કોઈ જ ઔપચારિક કે ફરજીયાત વર્ગોનુ આયોજન તેને માટે કરાય જ નહીં તેવું દુનિયાભરનાં અનેક મનોવિજ્ઞાનિકોનું કહેવું છે. બાળક એ આપણું ચાવીવાળું રમકડું નથી.એ જીવંત માનવ છે. તેનામાં ચેતના છે અને તે ચેતનાને જગાડવા માટે તેને મુક્ત વાતાવરણની જરૂર છે. એને આવા વર્ગોમાં મોકલી સમયનાં બંધનોમાં જકડી દેવાની ભૂલ શે કરાય !

બાળક સાતવર્ષનું થાય પછી જ જો એ પ્રવૃત્તિઓ અને તેના વર્ગો ચાલુ કરાય તો તે તેને બોજા રૂપ ન લાગે અને તે કલાને તે માણી શકશે. દરેક પ્રવૃત્તિને તેને યોગ્ય સમયે જ શરૂ કરવી જોઈએ. બાળકનાં ઉછેરમાં 'ઉતાવળે આંબા ન પાકે ' એ સનાતન સત્ય સતત ધ્યાનમાં રાખવું બહું જરૂરી છે.

ઊર્મિલા શાહ

## સંસ્થાનું ગૌરવ

જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર આયોજીત તૃતીય પુરૂષાર્થ ગૌરવ એવોર્ડ સમારંભ તા.૨૦-૭-૨૦૦૦નાં રોજ ગુજરાતનાં શિક્ષણમંત્રી શ્રી આનંદીબેન પટેલ તથા યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમતનાં માનનીય મંત્રીશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીનાં અધ્યક્ષપદે યોજાયો. જેમાં સંસ્થાની વિદ્યાર્થિની કુ.અનૂરી શાહને ચેસની રમતનાં ક્ષેત્રે રાજ્યકક્ષાએ પ્રથમ આવવા બદલ ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો. બેન અનૂરીને ખૂબ ધન્યવાદ અને ભાવિ ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના.

સને ૨૦૦૧નાં World Cup ચેસ ટુર્નામેન્ટનું આયોજન નવી દિલ્હી ખાતે થયેલ છે. આ World Cup માં ભારત યજમાન બન્યું છે અને તેમાં ભારતનાં ખેલાડી સારો દેખાવ કરે તે હેતુથી ભારત સરકાર સ્પોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સંસ્થા તરફથી એક નેશનલ કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તેમા ભારતની ૧૦ ચુનંદી બહેનોની પસંદગી કરી રશિયન ગ્રાન્ડ માસ્ટરનાં માર્ગદર્શન હેઠળ તેમને તૈયાર કરવામાં આવશે. એક મહિનો ચાલનાર આ કેમ્પમાં ભારતની માત્ર ૧૦ બહેનોમા બેન અનૂરી પસંદગી પામી છે. એ સંસ્થા માટે ગૌરવની વાત છે.

INGCAT World Youth Festival આયોજીત' કાવ્ય રચના ' સ્પર્ધામાં શિશુમંદિરના શિક્ષિકાબેન નિકુંજબેન જાનીને તમાકુ વિરોધી વિષય પરત્વે તેમનાં કાવ્ય માટે પ્રથમ ઈનામ મળ્યું છે. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

## તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન

શારદામંદિર ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ તરફથી જે વિદ્યાર્થીઓએ ન્યુ.એસ.એસ.સી. તેમજ એચ.એચ.સી. પરીક્ષામાં બોર્ડમાં તેમજ કેન્દ્રમાં સ્થાન મેળવ્યું,તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો એક સમારંભ તા. ૧૮-૬-૨૦૦૦ નાં રોજ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના ગૃહમંત્રી શ્રી હરેનભાઈ પંડયા ઉપસ્થિત રહ્યાં હતાં. ન્યુ એસ.એસ.સી.માં સન્માન પ્રાપ્ત કરનાર પાંચ વિદ્યાર્થીઓ અને એચ.એસ.સી.માં સામાન્ય પ્રવાહમાં સન્માન પ્રાપ્ત કરનાર બે વિદ્યાર્થીઓ એમ મળી કુલ સાત વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત ભાઈ અમર ભટ્ટની પ્રાર્થનાથી થઈ. આ પ્રસંગે શ્રી હરેનભાઈ પંડયા, શ્રીસનતભાઈ શોધન, શ્રી દિનુભાઈ દવે, શ્રીમતી જયશ્રીબેન દવે, શ્રી વશરામભાઈ બારડ તેમજ ગૌરવ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનાં પ્રતિનિધિ તરીકે ચિ.ઋચા દેસાઈ વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી બોલતા શ્રી હરેનભાઈ પંડયાએ સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન આપી જણાવ્યું હતું કે આ શાળાએ માત્ર શૈક્ષણિક નહી પરંતુ અન્ય ક્ષેત્રોમાં પણ ખૂબ ઉજ્જવળ નામ પ્રાપ્ત કર્યું છે. તેમણે જણાવ્યું કે' મારુ સમગ્ર કુટુંબ આ સંસ્થા સાથે અનેકવિધ રીતે સંકળાયેલું રહયું છે અને તેનું મને ગૌરવ છે.' તેમણે આ સંસ્થા ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. સૌ વિદ્યાર્થીઓને પ્રશંસાપત્ર તેમજ સ્મૃતિચંદ્રક આપીને તેમનાં હસ્તે અભિવાદન કરવામાં આવ્યું. સમારંભને અંતે અલ્પાહાર કરી સૌ વિખરાયા. અલ્પાહાર સમયે પણ સૌએ પરસ્પર મળવાનો આનંદ માણ્યો.

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

જૂન ૨૦૦૦થી નાના બાળકો માટે બાલવાડી વિભાગ ચાલુ થયો છે. જેમાં લગભગ ૧૦૦ બાળકો ખૂબ સારી રીતે ગોઠવાઈ ગયા છે. બાળકને મુક્ત વાતાવરણમાં તેમની જ ઉમરના બીજા બાળકો સાથે હળીમળીને પ્રવૃત્તિ કરવી ખૂબ ગમે છે. સૌ પ્રથમ સંગીતમાં તેઓ તન્મય થઈ જાય છે. ત્યાર બાદ ક્રીડાંગણમાં ખુબ આનંદથી રમે છે. સાધનો સાથે પણ તેઓ ખૂબ રસપૂર્વક રમે છે. બાળકો પોતાની મનગમતી પ્રવૃતિ જેવી કે મોતીકામ,માટીકામ,મુક્ત વ્યવસાયનાં સાધનો સાથે રમતા જણાય છે. આ ઉંમરનાં બાળકોનો માનસિક વિકાસ ઘણો ઝડપી અને મહત્વનો હોય છે.તેને લક્ષ્યમાં લઈને શ્રી દિનુભાઈ અને શ્રી જ્યોત્સ્નાબેન શોધનની રાહબરી નીચે એનું સમગ્ર આયોજન અને સંચાલન થઈ રહ્યું છે. બાળકો તેમાં ખૂબ સરસ રીતે વિકાસ સાધશે તેવી શ્રધ્ધા છે.

## બાલમંદિર

ઉનાળાનાં વેકેશનની રજાઓની મજા માણી બાળકો તા.૧૨ મી જૂનથી બાલમંદિરમાં ઉત્સાહભેર આવતાં થઈ ગયાં છે. નવા બાળકો ખૂબ ઝડપથીબાલમંદિરનાં વાતાવરણમાં સરસ રીતે ગોઠવાઈ ગયાં છે. આખું ય બાલમંદિર વિદ્યાર્થીઓનાં ઉત્સાહ અને પ્રવૃત્તિઓથી ફરી ધમધમતું બની ગયું છે. ગૌરીવ્રતનો ઉત્સવ બાળકોએ ઉત્સાહભેર ઉજવ્યો. રંગબેરંગી અને ભભકદાર ચણિયાચોળી અને ઓઢણીમાં સજ્જ થઈ બહેનોએ ' ગોરમાનો વર કેસરિયો' ગાતા ગરબે ઘૂમી વાતાવરણને ઉલ્લાસમય બનાવી દીધું.

સંસ્થાનો ૭૬ મો સ્થાપનાદિન તા. ૫મી ઓગસ્ટે ઉજવાનાર છે. તેની તૈયારીમાં હવે બાળકો લાગી ગયાં છે. શારદામંદિરનું કેન્દ્ર બાળક છે અને તેથી સ્થાપનાદિનને દિવસે બાલપૂજન કરવામાં આવે છે. બાળકોનાં જ બનાવેલા રથ સાથે સુંદર રીતે સજ્જ થયેલાં બાલરથી આવી પહોચે છે. એ દિવસનાં મુખ્ય મહેમાન તેને કુંકુમ તિલક કરી મોં મીઠું કરાવી તેનું અભિવાદન કરે છે. ધજા અને ફુગ્ગા સાથે બાળકોની કૂચ,ગરબા વિ.કાર્યક્રમથી સ્થાપનાદિન ઉત્સાહભેર ઉજવાય છે.

તાલીમના બાળકો જન્માષ્ટમીના ઉત્સવની તૈયારીમાં લાગી ગયા છે.

તા. ૧-૭-૨૦૦૦ને શનિવારે તાલીમના બાળકો 'મીની ઝૂ 'ની મુલાકાતે ગયાં હતાં. બાળકોને પ્રાણીઓ જોવા ખૂબ ગમે છે. ત્યારબાદ બાગમાં ક્રીડાંગણનાં સાંધનો રમવાની બાળકોને મઝા પડી.

**સૂચના :-** (૧) બાલમંદિરનો સમય સોમવાર થી શુક્રવાર સુધી ૧૨-૦૦ થી ૪-૦૦ નો છે. તથા શનિવારે સવારે ૭-૩૦ થી ૧૦-૩૦ નો છે તેની ખાસ નોંધ લેશો. બાળક સમયસર શાળાએ આવે અને તેને સમયસર લઈ જવાની વ્યવસ્થા વાલી ખાસ ગોઠવે તેવી વિનંતી.

(૨) વર્ગશિક્ષકને મળવા માટેનો સમય દરેક મહિનાના ચોથા શુક્રવારે રાખવામાં આવ્યો છે. તે દિવસે ૪-૦૦ થી ૪-૩૦ માં શિક્ષકને મળી શકાશે પરંતુ શિક્ષકોને મળતાં પહેલાં ઓફીસનો સંપર્ક સાધવો જરૂરી છે.

(૩) બાલમંદિરનાં દરવાજાની પાસે વાલીઓ તેમનાં વાહન વચ્ચે જ ઉભા રાખે છે જેને કારણે ઘણી તકલીફ ઉભી થાય છે. આપ આપનું વાહન ઝાંપાથી દૂર વ્યવસ્થિત રીતે પાર્ક કરશો. આ માટે વાલીનાં સંપૂર્ણ સહકારની અપેક્ષા છે.

કેસેટ:- બાલગીતોની કેસેટ ત્રણ ભાગમાં બનાવવામાં આવી છે. જે નવા શારદામંદિરની ઓફીસમાથી મળી શકશે.

## શિશુમંદિર

તા. ૨૬-૬-૨૦૦૦નાં રોજ શિશુમંદિરની ચૂંટણી યોજાઈ જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈ બહેનો ચૂટાયેલા જાહેર થયાં.

| | | |
|---|---|---|
| **મહામંત્રી** | (ભાઈઓ) | પાર્થ દેસાઈ |
| | (બહેનો) | શિલ્વી શાહ |
| **ઉપમંત્રી** | (ભાઈઓ) | પાર્શ્વ શાહ |
| | (બહેનો ) | ખુશ્બુ સંઘવી. |

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને આંતરગૃહ નેતા અને ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| **ધવલગિરિ** | (ભાઈઓ) | નેતા | હાર્દ શાહ |
| | | ઉપનેતા | હર્ષ દેસાઈ |
| | (બહેનો) | નેતા | શિવાંગી ટંકશાળી |
| | | ઉપનેતા | અનુષી શાહ |
| **મેઘનાદ** | (ભાઈઓ) | નેતા | પ્રિયંક શાહ |
| | | ઉપનેતા | હર્ષિલ ઝવેરી |
| | (બહેનો) | નેતા | સ્તુતિ ચાલીસહજાર |
| | | ઉપનેતા | સિધ્ધિ ચોક્સી |
| **રત્નદીપ** | (ભાઈઓ) | નેતા | ભૂષણ સુરતી |
| | | ઉપનેતા | સિધ્ધાર્થ દેસાઈ |
| | (બહેનો) | નેતા | માનસી શાહ |
| | | ઉપનેતા | મોહિની શાહ |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | પાર્થ પટેલ |
| | | ઉપનેતા | રાહિલ દવે |
| | (બહેનો) | નેતા | હિરલ ખત્રી |
| | | ઉપનેતા | દિવાંગી શાહ |

### આંતરગૃહ સ્પર્ધાઓ :-

**મહેદી સ્પર્ધા** ૧૮-૭-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | શૈશવી ઓઝા | મેઘનાદ |
| દ્વિતીય | મૌર્વિક્ષા પટેલ | ધવલગિરિ |
| દ્વિતીય | સિરાલી ભગત | રત્નદીપ |
| તૃતીય | માનસી વકીલ | મેઘનાદ |
| | જાનકી ગોરજી | ગંગોત્રી |

તા. ૧૯-૭-૨૦૦૦નાં રોજ ગૌરીવ્રત નિમિતે ગરબા રાસનો કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓએ રસપૂર્વક તેમા ભાગ લીધો.

ગુરુપૂર્ણિમા નિમિતે નાટક 'આરૂણિ' વિદ્યાર્થીઓએ ભાવવાહી રીતે રજૂ કર્યું. 'કૃષ્ણ સુદામા ' નાટક પણ વિદ્યાર્થીઓએ સરસ રીતે ભજવ્યું. વિદ્યાર્થીઓએ ભાવપૂર્ણ હૃદયે ગુરુપૂજન અને ગુરુવંદના ક્ર્યા તથા પ્રસંગોચિત વકતવ્ય રજૂ કર્યા.

તા. ૨૨-૭-૨૦૦૦નાં રોજ વિદ્યાર્થીઓ સમક્ષ ડો. નૈલેશ ગાંધીની રાહબરી હેઠળ દંતસુરક્ષા અંગે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો. બાળકોને દાંતની જાળવણી વિષે ઘણું જ્ઞાન તેમાથી પ્રાપ્ત થયું.

**સૂચના :** આપના બાળક માટે કોઈપણ પ્રશ્ન હોય તો કોઈ પણ સંજોગામા સીધા વર્ગમાં ન જતાં પ્રથમ ઓફીસનો સંપર્ક સાંધવો. ત્યાર પછી જ આચાર્યશ્રીને મળવું. આચાર્યને મળવાનો સમય સોમવાર થી શુક્રવાર બપોરે ૩-૦૦ થી ૪-૦૦ નો રહેશે.

## વિનયમંદિર

**પરિણામ :** માર્ચ ૨૦૦૦માં લેવાયેલ એચ. એસ. સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૫ % આવ્યું છે.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૯૮.૧૬% આવ્યું છે.

ન્યુ. એસ.એસ.સી. શાળાનું પરિણામ ૯૭.૭૧ % આવ્યું છે.

સામાન્ય પ્રવાહમાં મહેતા માલવ કાર્તિકભાઈ બોર્ડમાં દસમા અને કેન્દ્રમાં સાતમાં સ્થાને આવ્યા છે. શાહ ધન્વિન પલ્લવભાઈ કેન્દ્રમાં દસમાં આવ્યા છે.

ન્યું. એસ.એસ.સી. માં દેસાઈ ઋચા રાસબિહારીએ બોર્ડમાં પાંચમું અને કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. શાહ નિહાર નિખિલેશે બોર્ડમાં આઠમું અને કેન્દર્માં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ભટ્ટ દર્શિની આસુતોષે કેન્દ્રમાં છઠ્ઠુંસ્થાન પ્રાપ્ત કર્યું છે. દલાલ મોનીલ મીતેષભાઈ અને ઠાકોર શાશ્વત અદ્યૈતભાઈએ પણ કેન્દ્રમાંનવમું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ખૂબ ખૂબ ધન્યવાદ.

શાળામાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તેમાટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ. એસ.એસ.સી.માં પ્રથમ આવનાર દેસાઈ ઋચાને સ્વ. કલ્યાણભાઈ ગાંધીનાં સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૨૫ મળે છે.

(૨) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થિની નવાબ માનસીને સ્વ. પન્નાબેન ગાંધીનાં સ્મરણાર્થે ઈનામ રૂ ૧૨૫ મળે છે.

(૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી મહેતા માલવને સ્વ. પ્રકાશભાઈ પંડિતનાં સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૨૫ મળે છે.

(૪) ન્યુ. એસ.એસ.સી.,એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ અને એચ.એસ.સી સામાન્ય પ્રવાહની પરીક્ષાઓમાં બહેનોમાં શાળામાંથી પ્રથમ આવનાર નીચે પ્રમાણે બહેનો

| | | |
|---|---|---|
| (અ) | દેસાઈ ઋચા | ન્યુ.એસ.એસ.સી. |
| (બ) | નવાબ માનસી | એચ.એચ.સી.વિજ્ઞાનપ્રવાહ |
| (ક) | જાડેજા ગાયત્રી | એચ.એચ.સી. સામાન્યપ્રવાહ |

સ્વ. તનુલત્તાબેન પટેલનાં સ્મરણાર્થે દરેકને રૂ.૧૦૧ ઈનામ મળે છે.

(૫) ન્યુ એસ.એસ.સી પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર દેસાઈ ઋચા તથા દ્વિતીય શેઠ સોહમને રૂ. ૧૦૧નાં ઈનામો સ્વ. વલ્લભરામ વૈદ્યનાં સ્મરણાર્થે મળે છે.

(૬) ન્યુ. એસ.એસ.સી. ગણિત અને વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર ભટ્ટ દર્શિનીને સ્વ. પ્રમોદાબેન હિરાભાઈ દેસાઈનાં સ્મરણાર્થે રૂ. ૧૦૧ નું ઈનામ મળે છે.

(૭) ન્યુ. એસ.એસ.સી.માં અંગ્રેજી વિષયમાં પ્રથમ આવતાં દલાલ મોનીલને સ્વ. પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈનાં સ્મરણાર્થે રૂ ૧૦૧નું ઈનામ મળે છે.

(૮) સ્વ. પ્રકાશભાઈ પંડિતનાં સ્મરણાર્થે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર ધોળકીયા પ્રાપ્તિને પ્રથમ તથા ચોકસી કૃતિને દ્વિતીય ઈનામ અનુક્રમે રૂ ૧૨૫ તથા રૂ. ૧૦૧ મળે છે.

(૯) એચ.એચ.સી. વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરી અને મેડીકલ માટેના મેરીટલીસ્ટમાં સૌથી વધુ ગુણ મેળવનાર નવાબ માનસીને પ્રમોદાબેન દેસાઈનાં સ્મરણાર્થે રૂ. ૧૦૧ નું ઈનામ મળે છે.

(૧૦) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ હાંસલ કરવા બદલ સ્વ. કાશીબેન વલ્લભરામ વૈદ્યના તરફથી ઋચા દેસાઈને પ્રથમ ઈનામ રૂ. ૧૨૫ તથા નિધી શુક્લને દ્વિતીય ઈનામ રૂ. ૧૦૧ મળે છે.

સૌ ભાઈબહેનોને અભિનંદન.

**ચૂંટણી :-** તા. ૭-૭-૨૦૦૦નાં રોજ મહામંત્રી તથા ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેનાં વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાઈ આવ્યા છે.

**મહામંત્રી** (ભાઈઓ) શૈલ શેઠ
(બહેનો) હિરલ શાહ

**ઉપમંત્રી** (ભાઈઓ) પ્રાકૃત પટેલ
(બહેનો) નિરાલી ફોજદાર

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની પસંદગી કરવામાં આવી છે.

**ગીતગોવિંદ** (ભાઈઓ) નેતા કેતવ લાખીયા
ઉપનેતા પાતંજલ વ્યાસ
(બહેનો) નેતા શિવાની જોષી
ઉપનેતા નુપૂર શાહ

**ચંદ્રમૌલિ** (ભાઈઓ) નેતા ગીત શાહ
ઉપનેતા આકાશ શાહ
(બહેનો) નેતા કિંશુક હીરપરા
ઉપનેતા શચી અમીન

**મેઘદૂત** (ભાઈઓ) નેતા હિમલ શાહ
ઉપનેતા જીનલ મહેતા
(બહેનો) નેતા જીમી ભટ્ટ
ઉપનેતા ઋત્વી ત્રિવેદી

**પદ્મપુકુર** (ભાઈઓ) નેતા પ્રતીક શાહ
ઉપનેતા સંકેત જોષી
(બહેનો) નેતા નિધિ શાહ
ઉપનેતા ઋજુતા પટેલ

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન**

તા. ૩૦-૬-૨૦૦૦નાં રોજ મિશિગન યુનિવર્સિટીમાં ભણતાં આપણાં ભારતીય વિદ્યાર્થી ભાઈ બહેનોએ ' તમાકુથી આરોગ્યને થતું નુકશાન' વિષય ઉપર સ્લાઈડ શો સાથે પ્રવચન આપ્યું.

તા. ૫-૭-૨૦૦૦નાં રોજ 'સફારી' મેગેઝીન પ્રકાશિત કરતાં ભાઈ હર્ષલભાઈ પુષ્કર્ણાએ જ્ઞાન વિજ્ઞાનની માહિતી આપતું પ્રવચન આપ્યું.

## અભિનંદન

**ચિત્ર :** યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ આયોજીત'Let Us Live together ' ચિત્ર સ્પર્ધામાં શાહ સ્વપ્નીલ અને ભટ્ટ કવનને ડિપ્લોમા ઓફ ઓનર મળ્યો છે અને જાની રાહિલને Art Spark Award મળ્યો છે.

ગુર્જર સાહિત્યનાં ' બાલઆનંદ ' રંગપૂરણી હરીફાઈમાં ચિ.અચ્યુત પંચાલને ઈનામ મળ્યું છે.

ચેસ : Ahmedabad Chess Academy તરફથી સ્ટર્લિંગ કલબ ખાતે યોજાયેલ ચેસ ટુર્નામેંન્માં ચિ.સંવિત શાહને 'A' વિભાગમાં દ્વિતીય ઈનામ તથા ચિ.સ્વપ્નીલ શાહને 'A' વિભાગમાં પ્રથમ ઈનામ મળ્યા છે.

પ્લેઝર કલબ ખાતે યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ગ્રુપ 'A'માં ચિ.સ્વપ્નીલ શાહને દ્વિતીય અને સંવિત શાહને એ જ વિભાગમાં પાંચમું ઈનામ મળ્યું છે.

Gujarat State Chess Association આયોજીત Ahmedabad City chess Tournament માં ચિ.સંવિત શાહને ચોથું સ્થાન પ્રાપ્ત થયું છે.

Child Youth Care Pvt.Ltd. તરફથી યોજાયેલ જલતરંગ ચેસ ટ્રોફી ટુર્નામેન્ટમાં ચિ.સ્વપ્નીલ શાહને 'A' વિભાગમાં ત્રીજું ઈનામ મળ્યું છે.

**ભજન :-** પ્રણવ ભારતી ફાઉન્ડેશન તરફથી યોજાયેલ ભજન સ્પર્ધામાં ચિ. નિરાલી ફોજદારે દ્વિતીય ઈનામ મેળવ્યું છે.

**પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ ફોર લેડીઝ કોર્સ:-**

ઓગસ્ટ માસથી શરૂ થનાર છે. દાખલ થવા ઈચ્છતી બેનોએ સત્વરે મુખ્ય ઓફીસનો સંપર્ક સાધવો.

## સાંસ્કૃતિક સમાચાર

ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૭ મી મે ૨૦૦૦ થી એક માસ માટે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા તરફથી English નાં બે વર્ગો સંસ્થામાં લેવાયા હતાં. આજુબાજુનાં વિસ્તારોનાં અનેક બાળકોએ આ વર્ગોનો લાભ લીધો હતો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા તરફથી સંસ્થાનાં આ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

ફોકસ સંસ્થાનાં ઉપક્રમે તેના સભ્યો માટે કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન મેળવવા માટે એક શિબિર આઠ દિવસ માટે ગોઠવવામાં આવી અને ૨૦ જેટલા ફોટોગ્રાફર ભાઈઓએ તેનો લાભ લીધો. ફોકસ તરફથી સંસ્થાનો આભાર માનવામાં આવ્યો. આ કાર્યક્રમનું સંચાલન ભાઈ સાકેત દવેએ ઘણી સફળતાપૂર્વક કર્યું.

નેશનલ સ્કુલ ઓફ ડ્રામા એન્ડ મ્યુઝીક તરફથી આ સંસ્થામાં વેકેશન દરમ્યાન લોકનાટક ઉપરની શિબિર બે દિવસ માટે આ સંસ્થામાં ગોઠવવામાં આવી. આ શિબિર દરમ્યાન ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેક મહાનુભાવ તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગનાં મંત્રીશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પણ આશિબિરની મુલાકાત લીધી હતી.

શાળા અંતે તો સામાજીક પ્રવૃત્તિઓનું એક સાંસ્કૃતિક કુટુંબ જ હોય છે. તે વિચારને આ સંસ્થા મુક્ત સ્વરૂપ આપી શકે છે તેનો સંસ્થાને આનંદ છે.

**શ્રધ્ધાંજલિ**

આ સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શારદામંદિર ભૂતપૂર્વમંડળનાં પ્રમુખ ભાઈશ્રી ધનપાળભાઈ શાહના અવસાનની નોંધ લેતાં સંસ્થા અત્યંત દુઃખની લાગણી અનુભવે છે.

આ સંસ્થા માટે તેઓને અસાધારણ લાગણી હતી. તેઓ સ્વભાવે ખૂબ જ મિલનસાર અને અત્યંત નમ્ર હતાં. તેઓ જે કાર્ય હાથ ઉપર લે તે કાર્ય સંપૂર્ણ રીતે પાર પાડે જ, તેમની મેધાવી પ્રતિભા સૌને અવશ્ય પ્રભાવિત કરે તેવી હતી. શહેરની અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે તેઓ સંકળાયેલા હતાં. સાહિત્ય ક્ષેત્ર સાથે પણ તેમણે ગાઢ સંપર્ક રાખ્યો હતો. પરિસ્થિતિને પારખીને વિવેકપૂર્ણ રીતે વિકટ પ્રશ્નમાં પણ માર્ગ કાઢવાની તેમની જે આવડત હતી તે બહુ ઓછામાં આપણને જોવા મળે છે. તેમનું ગૌરવશાળી વ્યક્તિત્વ અને સૌને મદદ કરવાનું તેમનું વલણ હતું.

આવા એક સંસ્કારી સજ્જનની ઓચિંતી વિદાયથી ટૂંકસમયમાં ન પૂરી શકાય તેવો શૂન્યાવકાશ પડ્યો છે. સંસ્થા અને સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તેમનાં જવાથી જે આઘાત લાગ્યો છે તે સહન કરવાની ઈશ્વર શક્તિ આપે અને સદ્દગતનાં આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@satyam.net.in